Extra No. 425

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, DECEMBER 4, 2025 / AGRAHAYANA 13, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં. LIB/ જાહેરનામું /અભિપ્રાય/૧૧૮૯/૨૦૨૫, તા. ૨૪/૧૧/૨૦૨૫

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો કલમ ૧૯૮૯ ની નિયમ ૨૦૭ મુજબનો

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/ ૧૫૧૧૨ થી ૧૫૧૭૬/૨૦૨૫.-પાટણ શહેરમાં જૂના બસસ્ટેન્ડની નવીન રીનોવેશન કામગીરી પૂર્ણ થયેલ હોઈ જેને ટૂંક સમયમાં ફરી કાર્યરત કરવામાં આવનાર છે. સદર બસસ્ટેન્ડની આજુબાજુમાં મોટા પ્રમાણમાં હોસ્પિટલ અને મુખ્ય બજાર આવેલ હોઈ પાટણ શહેર અને આજુબાજુના ગામડાંમાંથી લોકોની અવર-જવર ખૂબ જ મોટા પ્રમાણમાં રહે છે. જેથી બસ સ્ટેશન ચાલુ થવાથી ટ્રાફીકની સમસ્યા ઉદભવે તેમ હોવાથી પાટણ શહેરના જયવિરનગર ત્રણ રસ્તાથી આદર્શ સ્કુલના બીજ સુધી તથા ટી.બી.ત્રણ રસ્તાથી સિધ્ધપુર ચાર રસ્તાથી ઉંઝા ત્રણ રસ્તા સુધી તથા પાલિકા બજારના બ્રિજ ઉતરતા સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ ત્રણ રસ્તાથી બગવાડા સુધી તથા લીલીવાડી બ્રિજના સર્વિસ રોડથી લઈ જી.ઈ.બી. ત્રણ રસ્તાથી આનંદ સરોવર ત્રણ રસ્તાથી સુભાષચોક સુધી જાહેર રોડને “નો પાર્કિંગ ઝોન” તરીકે જાહેર કરવામાં આવે તો ટ્રાફીક લગતની સમસ્યાનો ઉકેલ આવે તેમ હોઈ તેમજ આદર્શ સ્કુલથી બ્રિજ ઉપર જો બસ જાય તો સામેથી કોઈ અન્ય વાહન આવી શકે તેમ ન હોવાથી આદર્શ સ્કૂલ બ્રિજના છેડેથી બ્રિજના મધ્યભાગમાં ત્રણ રસ્તા સુધી “વન-વે” રસ્તો જાહેર કરવામાં આવે તો ટ્રાફીકની કાયમી સમસ્યા નિવારી શકાય તેમ હોઈ નીચે જણાવેલ રૂટનો “વન-વે રોડ” તેમજ “નો પાર્કિંગ ઝોન” અંગેનું કાયમી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

આમ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ પાટણ શહેરના નીચે મુજબના વિસ્તારોને “નો-પાર્કિંગ ઝોન” તરીકે જાહેર કરવા તથા આદર્શ સ્કૂલ બ્રિજના છેડેથી બ્રિજના મધ્યભાગમાં ત્રણ રસ્તા સુધી “વન-વે” રસ્તો જાહેર કરવા ફરમાવામાં આવે છે.

-:: અમલવારી વિસ્તાર ::-

અ.નં.	નો-પાર્કિંગ જગ્યાની વિગત	રિમાર્કસ
૧	પાલિકા બ્રિજ ઉતરતા સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ ત્રણ રસ્તા થી બગવાડા સુધી તથા લીલીવાડી બ્રિજના સર્વિસ રોડથી લઈ જી.ઈ.બી. ત્રણ રસ્તાથી આનંદ સરોવર ત્રણ રસ્તાથી સુભાષ ચોક સુધીનો જાહેર રોડ	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો “નો-પાર્કિંગ ઝોનમાં” પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી
૨	પાટણ શહેરના જયવિરનગર ત્રણ રસ્તા થી આદર્શ સ્કુલના બ્રીજ સુધી તથા ટી.બી. ત્રણ રસ્તાથી સિધ્ધપુર ચાર રસ્તાથી ઉઝા ત્રણ રસ્તા સુધીનો જાહેર રોડ	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો “નો-પાર્કિંગ ઝોનમાં” પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી

-:: અમલવારીનો સમયગાળો ::-

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારા ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વન-વે કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ “વન-વે” અંગેના તથા “નો પાર્કિંગ ઝોન” અંગેના બોર્ડ જે તે સ્થળોએ નગરપાલિકા/પોલીસ વિભાગ દ્વારા મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૦૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.06 11:11:16 IST